

# દિકરી એકતા..

હૈયું હરખાય, તને જોઈ જોઈ દીકરી,
ફોરમ બધે ફેલાય, તને જોઈ જોઈ દીકરી,

વહી ગયું શૈશવ, ને ઉભી તું યૌવન ને દ્વાર, હૈયા માં આજ કેવી ! સ્મરણોની રસધાર;
લાગણી હૈયે લહેરાય, તને જોઈ જોઈ દીકરી.

હૈયે રોપ્યો છે માંડવો, ફેરા ફરીશ તું ચાર, અંતરમાં એજ આશા ! “ તારો સુખી રહે સંસાર !”
આંખો ભીની ને હોઠ મલકાય, તને જોઈ જોઈ દીકરી.

તું સૌભાગ્યવતી બની સિધાવે પાર્થ સંગાથે,
ત્યારે
એટલુજ કહીએ.....

તારા ચહેરા પર સદા રહો હાસ્ય અભંગ !
બંધાઈને પ્રેમની દોરે, રહો એકબીજાને સંગ.
હૈયે આશિષ છલકાય, તને જોઈ જોઈ દીકરી !!!

આતો સદીઓની રીત છે.
મળે એનેજ માન
કાળજાના કટકાનું જે કરે કન્યાદાન....

**❃ મમ્મી - પપ્પા ❃**

Code 1

## પિતા ની લાગણીને દીકરીની વાચા...

એ દિવસે,

જ્યારે એને એ પહેલું ડગલું માંડેલું,
ત્યારે દુનિયા જીતી લીધી હોય, તેવો આનંદ થયેલો...

પહેલી વાર મારી દીકરી પપ્પા બોલી,
એનાથી મધુર સ્વર મારે કાને આજ સુધી નથી પડયો...

ઘર-ઘર રમતી ત્યારે, એને તાકી-તાકી ને જોયા કરતો,
ને એનું હાસ્ય મારા મનમાં ઘર કરી જતું...

એ દિવસે,

ઢીંગલા - ઢીંગલી ને પરણાવતી મારી દીકરી,
હવે રમત કરતા વધારે આનંદ સપના માંથી મેળવતી થઈ ગઈ...
એના સપના ના રાજકુમાર આવશે,
એ વાત થી એની પલકો ઝૂકી જતી...

મમ્મી ની સાડી જેમતેમ લપેટતી મારી દીકરી,
પોતાના પાનેતરમાં રંગ પૂરવા લાગી...

મારી બાથમાં સમાઈ જતી મારી દીકરી,
પોતાના સપનાની સંગાથે સ્ત્રી બનવા માંડી...

આ દિવસે,

પગલું માંડશે મારી દીકરી,
નવી દિશામાં એક નવીન સૃષ્ટિ સર્જાશે...

પપ્પાનો સ્વર કોઈ બીજે કાને ગુંજશે,
પણ મધુરતા મારા વ્હાલની વરસશે...

મારી વ્હાલી નાની દીકરી,
આજે સ્ત્રી થઈ વિદાય લેશે....

**..... એકતા**

Code 2

# ।। દીકરી વ્હાલનો દરિયો ।।

## ચિ. એક્તા

"એક્તા" તારું પાનેતર, આજ ખરીદીને આવ્યો છું,
સ્વપ્ન મારાં જે હતાં, તે પાલવમાં બાંધીને લાવ્યો છું,
પારકી થાપણ તું છે, કયાં સુધી બીજાની સંભાળ રાખું
ભારે હૈયે તારી કંકોતરી, હેતનાં તેડાં લખવા લાવ્યો છું.

**★ દાદા - દાદી ★**

વિદાય કરીને દીકરી પછી, છાનું છાનું ખૂબ રડ્યો છું,
કયાંક ખોવાયું છે મારું હૃદય, આંગણામાં શોધી રહ્યો છું,
સ્મરણોમાં પાછી આવી, લ્યો પપ્પા હું આવી ગઈ,
કેમ નથી માનતું મન, હું જાનને વળાવી આવ્યો છું.

**★ પપ્પા ★**

સંસાર તારો સ્વર્ગ બને, એવો સાથી ગોતી લાવ્યો છું,
મારું દર્પણ તું જ છે, એવો અરીસો ગોતી લાવ્યો છું,
પરાયાને પોતાના ગણી, શોભાવજે બંને કુળને દીકરી,
લૂછી નાખ આંસુ દીકરી, ખુશીનો અવસર લાવ્યો છું.

**★ કાકા – કાકી ★**

ખંખેરી નાખજે પિયરના સ્નેહને, આંસુ સાથે કહેવા આવ્યો છું,
બંને કુળને દીપાવજે, તેવું નજરાણું દેવા આવ્યો છું,
રડી રડીને આંખો લાલ થઈ ગઈ છે બહેન તારી ને મારી,
તોય તને અળગી કરવી પડશે, વ્યવહારના તાંતણે બંધાયો છું.

**★ પૂજા-રૌમિલ, દર્શન-પ્રિયંકા, પારસ-પૂનમ ★**

"એક્તા" તારા સૌભાગ્યનું કંકુ, આજ ઘોળી લાવ્યો છું,
વિધાતાએ જે લખ્યું હતું, તે સરનામું શોધી લાવ્યો છું.
છે તું મારા કાળજાનો કટકો, વેગળી કરી નથી ક્યારેય,
તારી–અમારી જુદાઈનું, કોઈને વચન દઈ આવ્યો છું.

**★ મમ્મી - પપ્પા ★**

જ્યાં તું રહે ધર્મ કરજે, નવકારનો કરિયાવર લઈ આવી છું,
માંગલિક સંભળાવી તને, મિચ્છામી દુક્કડમ કહેવા આવી છું.
પ્રથમ નવકાર બોલીને, પ્રવેશ કરજે તારા ઘર સંસારમાં,
લાડલી મારી ખૂબ સુખી થજે, જય જિનેન્દ્ર કહેવા આવી છું.

**★ મમ્મી ★**

Code 3

# દિકરી

કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છૂટી ગયો...
ડગલે ડગલે મારગ એનો, સો સો ગાઉ નો થયો,
ઉંબરેથી નીચે ઉતરી દિકરી, ને સૂરજ ડૂબી ગયો,
લૂંટાઈ ગયો, મારો લાડ ખજાનો, હું તો જોતો રહ્યો,
જાન ગઈ જાણે જાન લઈ, હું તો સૂનો માંડવડો,
કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છૂટી ગયો...

દિકરી ઓ દિકરી ન લાવતી ઓછુ હૈયે,
મન મક્કમ વળાવીએ તને સાસરિયે,
આતો સદીઓની રીત છે
મળે એનેજ માન,
કાળજાના કટકાનું જે કરે કન્યાદાન...

**મમ્મી – પપ્પા**

Code 4